Case received on: 21/07/2025
Registered on: 21/07/2025
Decided on: 07/04/2026
Time period: 0Y,8M,17 Days

…………………………………………………………………………………….

**મે.વાલોડ ના જયુડિસિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ( શ્રી બી.એસ.પરમાર સાહેબ) ની કોર્ટમાં**

……………………………………………………………………………………

**ફોજદારી કેસ નંબર:1628/2025**

**આંક:23**

………………………………………………………………………………………

| **FORM - A** | |
|---|---|
| જજમેંન્ટ તારીખ | 07/04/2026 |
| ફોજદારી કેસ નંબર | 1608/2025 |
| ગુના ની કલમ | બી.એન.એસ.ની કલમ 281,125(A),125(B),106(1) તથા એમ. વી. એક્ટ ની કલમ 177,184 મુજબ |
| ગુના રજી.નંબર | 11824002250500/2025 |
| ફરિયાદી | શ્રી સરકાર |
| ફરિયાદ પક્ષે | વી.એ.પી.પી.શ્રી પી.એલ.ગાંગુર્ડે |
| આરોપી | માસાભાઈ બુધીયાભાઈ ચૌધરી, રહે.ગોડધા ગામ, નીચલુ ફળિયું, તા.માંડવી, સુરત |
| આરોપી તરફે | વી.વ.શ્રી વી.વી. ચૌધરી |

| FORM - B | |
|---|---|
| ગુનાં ની તારીખ | 26/04/2025 |
| એફ.આઇ.આર. ની તારીખ | 26/04/2025 |
| પ્લિ/તહોમતનામું ઘડ્યા ની તારીખ | 28/08/2025 |
| પુરાવાની શરૂઆત ની તારીખ | 24/09/2025 |
| ચુકાદા માટે અનામત રાખ્યા ની તારીખ | 09/03/2026 |
| ચુકાદા ની તારીખ | 07/04/2026 |
| સજા ના હુકમ ની તારીખ જો હોય તો | _ |

## **આરોપી ની વિગત**

| **FORM - C** | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| આરોપી નો અનુક્રમણિકા નંબર | આરોપી નું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્તિ ની તારીખ | અધિનિયમ અને કલમ | શું નિર્દોષ છોડ્યા કે સજા કરી | કરવા માં આવેલ સજા | સી.આર.પી.સી.ની કલમ 428 ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયત નો સમયગાળો |
| 1. | માસાભાઈ બુધીયાભાઈ ચૌધરી, રહે.ગોડધા નીચલું ફળિયું, તા.માંડવી, જી.સુરત | 27/05/2025 | 27/05/2025 | બી .એન.એસ.ની કલમ 281,125(A),125(B),106(1) તથા એમ. વી. એક્ટ ની કલમ 177,184 177,184 મુજબ | નિર્દોષ ઠરાવ્યા | ___ | _____ |

## ફરિયાદ/બચાવપક્ષ/કોર્ટ ના સાક્ષી ઓ ની યાદી

(A) **ફરિયાદ પક્ષ**

| અનુ. નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| 1. | ફરિયાદી રાહુલભાઈ ગમનભાઈ ચૌધરી ની સોગંદ ઉપર જુબાની | PW–1 |
| 2. | કીરણભાઈ અરવીંદભાઈની સોગંદ ઉપર જુબાની | PW–2 |
| 3. | શૈલેશભાઈ ભગુભાઈની સોગંદ ઉપર જુબાની | PW–3 |
| 4. | ચંદુભાઈ ભીલાભાઈની સોગંદ ઉપર જુબાની | PW–4 |
| 5. | છનાભાઈ નારણભાઈની સોગંદ ઉપર જુબાની | PW–5 |
| 6. | નિલેશભાઈ વિરસીંગભાઈની સોગંદ ઉપર જુબાની | PW–6 |
| 7. | ત.અ.ક. સરજીતભાઈ બચુભાઈની સોગંદ ઉપર જુબાની | PW–7 |

## ફરિયાદી/બચાવપક્ષ/કોર્ટ ના આંક નું સૂચિ

**(A)ફરિયાદ પક્ષ**

| અનું.નં. | આંક | વિગત |
|---|---|---|
| 1. | 06 | ફરિયાદ |
| 2. | 12 | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| 3. | 13 | સી.એચ.સી. વાલોડનું સારવાર સર્ટી. |
| 4. | 14 | જનરલ હોસ્પીટલ વ્યારાનું સારવાર સર્ટી. |
| 5. | 15 | પી.એમ. રીપોર્ટ |
| 6. | 16 | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| 7. | 17. | મરણોત્તર પંચનામુ |

## :ચૂકાદો:

**(1) ફરીયાદપક્ષ ના કેસ ની ટુંકમા હકીકત –**

હાલના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, તા.૨૬/૦૪/૨૦૨૫ કલાક ૧૩/૦૦ વાગ્યના

અરસામાં મોજે બુહારી વાલોડ રોડ ઉપર રાનવેરી ગામે સડક ફળીયા અગાસીમાતાના મંદિર પાસે હાવે વે રોડ ઉપર આ કામના ફરીયાદીના પિતાજી મરણજનાર ગમનભાઈ ભાવસિંગભાઈ ચૌધરી, ઉ.વ.૬૩ નાઓ આરોપી માસાભાઈ બુધીયાભાઈ ચૌધરી, રહે.ગોડધા, તા.માંડવી, જી.સુરતનાઓ સાથે સ્પલેન્ડર મોટર સાઈકલ નં.જીજે–૦૫–એચએલ–૯૫૫૪ ઉપર બેસીને અનાવલથી ઘંટોલી ગામે આવતાં હતા. દરમ્યાન બુહારી વાલોડ રોડ ઉપર આવેલ રાનવેરી ગામે સડક ફળિયા અગાસીમાતાના મંદિર પાસે હાઈવે રોડ પરથી પસાર થતાં હતાં ત્યારે પાછળ બેસેલ મરણજનાર ગમનભાઈને ઝોકું જેવું આવતાં તેઓએ મોટર સાઈકલ ચાલક આરોપી માસાભાઈને પકડી લેતાં આરોપી માસાભાઈએ પોતાના કબજાની મોટર સાઈકલ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતાં સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી મોટર સાઈકલ સાથે ગરનાળા નીચે પડી જતાં આરોપી માસાભાઈને માથાના તથા કપાળના ભાગે તથા પગના ભાગે ઈજાઓ પહોંચાડી તથા મરણજનાર ગમનભાઈ ભાવસિંગભાઈ ચૌધરીને છાતીના તથા મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી સ્થળ પર મોત નીપજાવી કર્યાની ફરીયાદ દાખલ થયેલ. ત્યારબાદ આ ગુના અંગે તપાસનીશ અધીકારીએ તપાસ કરી,ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ,બાદ આરોપીઓને ધોરણસર અટક કરી, તપાસ અંતે પુરાવો જણાતા આરોપી વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ 281,125(A),125(B),106(1) તથા એમ. વી. એક્ટ ની કલમ 177,184 અન્વયે ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(2) પોલીસ અહેવાલ રજુ થતા, બી.એન.એસ.ની કલમ 281,125(A),125(B),106(1) તથા એમ. વી. એક્ટ ની કલમ 177,184 મુજબ ગુન્હાઓ અંગેનું સંજ્ઞાન લઈ, પ્રોસેસ કરેલ જેના અનુસંધાને આરોપી અદાલતમાં હાજર થયેલ.ત્યારબાદ આંક–03 થી આરોપી સામે સબબ ગુના અંગે નું તહોમતનામુ ફરમાવી આંક 04 થી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની માંગણી કરતા કેસ આગળ ચલાવવામાં આવેલ અને આ કામના ફરિયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે.

**<u>આરોપીઓ નું વિશેષ નિવેદન</u>**

(3) ત્યારબાદ, આ કામે ક્રિ.પ્રો.પ્રો.કોડની કલમ 313 મુજબનું આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ.જેમાં આરોપીએ ફરિયાદ પક્ષનો પુરાવો તેઓની રૂબરૂ માં લેવામાં આવેલ,તેઓ સામે પૂરતા પુરાવા ના હોવા છતાં છતા ખોટી ફરિયાદ ખોટું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**<u>દલીલો</u>**

(4) ફરિયાદ પક્ષ તરફે વી.એ.પી.પી.શ્રી એ દલીલો કરેલ છે કે,ફરિયાદી નો કેસ સાબિત થયેલ હોય આરોપી ને કાયદા મુજબ મહત્તમ સજા કરવી જોઈએ.આરોપી તરફી વી.વ.શ્રીએ દલીલો કરેલ છે કે,ફરિયાદી પક્ષ પોતાનો કેસ નિશંકપણે સાબિત કરેલ ના હોય આરોપી ને નિર્દોષ ઠરાવવા માટે દલીલો કરેલ છે.

**<u>મુદ્દાઓ</u>**

ઉભયપક્ષની દલીલો સાંભળવામાં આવેલ અને સદર કેસમાં આખરી નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(1) **શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે એવું સાબિત કરે છે કે, તા.૨૬/૦૪/૨૦૨૫ કલાક ૧૩/૦૦ વાગ્યના અરસામાં મોજે બુહારી વાલોડ રોડ ઉપર રાનવેરી ગામે સડક ફળીયા અગાસીમાતાના મંદિર પાસે હાવે વે રોડ ઉપર આ કામના ફરીયાદીના પિતાજી મરણજનાર ગમનભાઈ ભાવસિંગભાઈ ચૌધરી, ઉ.વ.૬૩ નાઓ આરોપી માસાભાઈ બુધીયાભાઈ ચૌધરી, રહે.ગોડધા, તા.માંડવી, જી.સુરતનાઓ સાથે સ્પલેન્ડર મોટર સાઈકલ નં.જીજે–૦૫–એચએલ–૯૫૫જ**

ઉપર બેસીને અનાવલથી ઘંટોલી ગામે આવતાં હતા. દરમ્યાન બુહારી વાલોડ રોડ ઉપર આવેલ રાનવેરી ગામે સડક ફળિયા અગાસીમાતાના મંદિર પાસે હાઈવે રોડ પરથી પસાર થતાં હતાં ત્યારે પાછળ બેસેલ મરણજનાર ગમનભાઈને ઝોકું જેવું આવતાં તેઓએ મોટર સાઈકલ ચાલક આરોપી માસાભાઈને પકડી લેતાં આરોપી માસાભાઈએ પોતાના કબજાની મોટર સાઈકલ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતાં સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી મોટર સાઈકલ સાથે ગરનાળા નીચે પડી જતાં આરોપી માસાભાઈને માથાના તથા કપાળના ભાગે તથા પગના ભાગે ઈજાઓ પહોંચાડી તથા મરણજનાર ગમનભાઈ ભાવસિંગભાઈ ચૌધરીને છાતીના તથા મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી સ્થળ પર મોત નીપજાવી બી.એન.એસ. ની કલમ 281,125(**A**),125(**B**),106(1) તથા એમ. વી. એક્ટ ની કલમ 177,184 મુજબનો શિક્ષાપાત્ર ગુનો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે ?

(2) શું હુકમ ?

(5) ઉપરોકત મુદ્દાઓ પરત્વેમા મારા નિર્ણયો નીચે પ્રમાણે છે.

<u>નિર્ણયો</u>

1. નકારાત્મક

2. આખરી હુકમ મુજબ.

<u>મુદ્દા નં 1 અને 2 ના નિર્ણયના કારણો</u>

(6) ફોજદારી કાર્યરીતિ પાયાનો સિદ્ધાંત છે કે, ફરિયાદ પક્ષે પોતાનો કેસ આરોપીઓ વિરુદ્ધ શંકાથી પર રીતે સાબિત કરવાનો હોય છે. જો તેમ કરવામાં

ફરિયાદ પક્ષ નિષ્ફળ જાય તો તેનો લાભ સીધો આરોપીને મળવાપાત્ર છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ પોતાની હકિકતો શંકાથી પર રહીને સાબિત કરવાની હોય છે. જયારે આરોપીને પોતાના બચાવમાં ફકત સંભવિતતાની શકયતા દર્શાવવાની હોય છે.આમ,આ કામે આરોપીઓ સામે જ્યારે **બી.એન.એસ. ની કલમ 281,125(A),125(B),106(1) તથા એમ. વી. એક્ટ ની કલમ 177,184** ગુનાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદપક્ષે નીચે મુજબના આવશ્યક તત્ત્વો રેકર્ડ ઉપરથી શંકાથી પર સાબીત કરવાના રહે છે –

**<u>કલમ–281 ના તત્ત્વો</u>**

1. જાહેર રસ્તા પર વાહન ચલાવવું અથવા સવારી કરવી.
2. **બેફામપણે** અથવા **બેદરકારીપુર્વક** આવું વાહન ચલાવવુ અથવા આવી સવારી કરવી.
3. જે કારણે બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યક્તિને વ્યથા અથવા હાની થવા સંભવ હોય.

**<u>કલમ–106(1) ના તત્વો.</u>**

1. કોઈ વ્યક્તિનું મૃત્યુ નિપજ્યુ.
2. આ મૃત્યુ આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક આચરેલા કૃત્યના કારણે નિપજ્યુ.
3. આ મૃત્યુ સાપરાધ મનુષ્યવધ ન હતો.

**<u>કલમ–125(A) ના તત્ત્વો</u>**

1. આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપુર્વક કોઇ કૃત્ય કર્યુ.

2. તેવા કૃત્યના કારણે માનવ જીદંગી અથવા અન્યની શારીરીક સલામતી ભયમા મુકાય.

3. તેવા કૃત્યનાં કારણે કોઇ વ્યકિતને વ્યથા નિપજી.

**<u>કલમ–125(B) ના તત્વો</u>**

1.આરોપીએ અન્ય વ્યક્તિઓની સલામતી જોખમાય તેવું કૃત્ય કર્યું.

2.તેવા કૃત્ય ના કારણે અન્ય વ્યક્તિઓની સલામતી જોખમમાં મુકાઇ

3.તેવા કૃત્ય ના કારણે મહાવ્યથા નીપજી.

**<u>કલમ- 184 ના તત્વો.</u>**

જે કોઈ પણ વ્યક્તિ, જાહેર જનતા માટે ખતરનાક હોય તેવી ગતિએ અથવા એવી રીતે મોટર વાહન ચલાવે છે [અથવા જે વાહનમાં સવાર લોકો, અન્ય રસ્તાના ઉપયોગકર્તાઓ અને રસ્તાઓ નજીકના વ્યક્તિઓ માટે એલાર્મ અથવા તકલીફનું કારણ બને છે] જ્યાં વાહન ચલાવવામાં આવે છે તે સ્થળની પ્રકૃતિ, સ્થિતિ અને ઉપયોગ સહિત કેસના તમામ સંજોગો અને ટ્રાફિકની માત્રા જે તે સમયે ખરેખર છે અથવા જે તે જગ્યાએ હોવાની વાજબી રીતે અપેક્ષા રાખી શકાય છે. પ્રથમ ગુના માટે કેદની સજા [જે એક વર્ષ સુધી લંબાવી શકે છે પરંતુ છ મહિનાથી ઓછી નહીં હોય અથવા દંડ જે એક હજાર રૂપિયાથી ઓછો ન હોય પરંતુ પાંચ હજાર રૂપિયા સુધીનો હોઈ શકે, અથવા બંને સાથે] ,અને કોઈપણ બીજા અથવા અનુગામી ગુના માટે જો અગાઉના સમાન ગુનો કર્યાના ત્રણ વર્ષની અંદર કરવામાં આવે તો બે વર્ષ સુધીની કેદની સજા અથવા [રૂ. દસ હજારનો] દંડ અથવા બંને સાથે.

[સ્પષ્ટીકરણ.– આ વિભાગના હેતુ માટે

(a) લાલ બત્તી જમ્પિંગ;

(b) સ્ટોપ સાઇનનું ઉલ્લંઘન કરવું;

(c) ડ્રાઇવિંગ કરતી વખતે હેન્ડહેલ્ડ સંચાર ઉપકરણોનો ઉપયોગ;

(d) કાયદાની વિરુદ્ધ રીતે અન્ય વાહનો પસાર કરવા અથવા ઓવરટેક કરવા;

(e) ટ્રાફિકના અધિકૃત પ્રવાહની વિરુદ્ધ વાહન ચલાવવું; અથવા

(f) એવી કોઈપણ રીતે વાહન ચલાવવું કે જે સક્ષમ અને સાવચેત ડ્રાઈવરની અપેક્ષા કરતાં ઘણું ઓછું હોય અને જ્યાં તે સક્ષમ અને સાવચેત ડ્રાઈવર માટે સ્પષ્ટ હોય કે તે રીતે વાહન ચલાવવું જોખમી હશે, તે એવી રીતે વાહન ચલાવવા સમાન ગણાશે કે જે જાહેર જનતા માટે જોખમી છે.]

**<u>કલમ 177 ના તત્વો</u>**

> આ અધિનિયમની કોઈપણ જોગવાઈ અથવા તેના હેઠળ બનાવેલ કોઈપણ નિયમ, નિયમન અથવા સૂચનાનું ઉલ્લંઘન કરનાર, જો ગુના માટે કોઈ દંડની જોગવાઈ કરવામાં આવી નથી, તો તે પ્રથમ ગુના માટે શિક્ષાને પાત્ર થશે, જે [પાંચસો રૂપિયા] સુધીનો દંડ થઈ શકે છે, અને કોઈપણ માટે દંડ સાથેનો બીજો અથવા અનુગામી ગુનો જે [એક હજાર અને પાંચસો રૂપિયા] સુધીનો હોઈ શકે છે.

(7) હવે,ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ તેમજ ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવાની ચર્ચા કરવામાં આવે તો, ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે **આંક-05** રાહુલભાઈ ગમનભાઈ ચૌધરી નાઓને સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હુ મારા પરિવાર સાથે ઘંટોલી ગામે રહી પરિવાર નું ગુજરાન ચલાવુ છુ. હાલ મારી નોકરી નર્મદા જીલ્લામાં સોરાપાડા રેન્જમાં બીટ ગાર્ડ તરીકે ચાલુ છે. બનાવના અરસામાં હુ મારી નોકરી ના સ્થળે હાજર હતો તે વખતે તા.18/04/2025 ના રોજ મારા પિતાજીનો ફોન સાંજના સાતેક વાગ્યે આવેલ અને જણાવેલ કે હુ તા.19/04/2025 થી તા.25/04/2025 સુધી અનાવલ ખાતે મોક્ષ સતાબ્દી મહોત્વમાં સત્સંગના કાર્યકર્મ માં જવાનો છુ. તેવુ જણવતા મે તેઓને જણાવેલ કે તમો અનાવલ ખાતે જજો ત્યારબાદ તા.25/04/2025 ના રોજ મારા પિતાજીએ રાત્રીના આઠેક વાગ્યાના અરસામાં જણાવેલ કે આવતી કાલે કાર્યક્રમ પુરો થાય છે તો મારી સાથે માસાભાઈ બુધીયાભાઈ નાઓ સાથે મોટરસાયકલ પર બેસીને આવી જઈશ તેમ જણાવેલ. બાદ તા.23/04/2025 ના રોજ હુ મારી નોકરી ના સ્થળે હાજર હતો ત્યારે મારા ગામના ભાવિન ભાઈ કિરણભાઈ ચૌધરીના ઓને ફોન આવેલ અને જણાવેલ કે તમારા પિતાનું મોટરસાયકલ પરથી પડી જવાથી રાનવેરી ગામે એક્સીડન્ટ થયેલ છે તમો જલ્દી આવો. તેમ જણાવતા હુ મારા નોકરી ના સ્થળે એકલો આવવા નીકળેલ બાદ હુ ઘરે ગયેલ અને ઘરે ગયા બાદ મને જાણ થયેલ કે મારા પિતાજી વાલોડ સરકારી દવાખાને સારવાર માટે લાવેલ છે તેવી જાણ થતા હુ વાલોડ સરકારી દવાખાને આવેલ અને મારા પિતાજીને જોતા મારા પિતાજીને મોઢાના ભાગે અને છાતીના ભાગે ઈજા

થયેલ હતી. અને મારા પિતાજી હોસ્પીટલમાં મરણ અવસ્થામા સ્ટ્રેચર ઉપર પડેલ હતા બાદ હુ વાલોડ પો.સ્ટે. જઈ એક્સીડન્ટ ની ફરીયાદ આપેલ જે ફરીયાદ આજરોજ મને બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તરીકે મારી સહી છે જેને રજુ દાખલ આંક.૦૬ આપવામાં આવે છે. મે મોટર સાયકલ ચાલક વિરુધ્ધ આપેલ હતી જે ચાલક ને હુ જોયેથી ઓળખતો નથી કે મોટર સાયકલનો નંબર મને હાલ યાદ નથી આ અકસ્માતનો બનાવ ની હકીકતની મને પાછળથી જાણવા મળેલ કે મારા પિતાજી માસાભાઈ બુધીયાભાઈ નાઓ સાથે અનાવલથી પરત આવતા તે દરમ્યાન મોટર સાયકલ માસાભાઈનાઓ ચલાવતા હતા અને મારા પિતાજી મોટર સાયકલ પાછળ બેસેલ હતા. જેઓ રાનવેરી ગામના સીમમાંથી પસાર થતા મારા પિતાજીને જોકુ આવી જતા માસાભાઈને પકડી લેતા મોટર સાયકલનું સ્ટેરીંગ કાબુમાં ન રહેતા ગરનાળા નીચે મોટર સાયકલ પડી જતા મારા પિતાજીને ઈજા થયેલ.જે ફરીયાદને રજુ દાખલ આંક 06 આપવામાં આવે છે.

ત્યારબાદ બચાવપક્ષે ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં ફરીયાદી સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા સ્ટેટ હાઈવે હોય ઘણાબધા વાહનોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે, બનાવના સમયે હું નોકરી ઉપર હતો. એ વાત ખરી છે કે, બનાવ મે નજરે જોયેલ ન હોય બનાવ ચોકકસ કઈ રીતે અને કોની ભૂલના કારણે થયેલ તે હું કહી શકું નહી. એ વાત ખરી છે કે, અકસ્માત સમયે વાહન ચાલકને મેં જોયેલ નથી અને તેને હું ઓળખતો નથી. એ વાત ખરી છે કે, અકસ્માત કરનાર વાહનનો નંબર મને ખબર નથી. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં ખોટી ફરિયાદ આપું છું.

(૪) ફરીયાદપક્ષે **આંક–07** થી સાહેદ કિરણભાઈ અરવિંદભાઈનાઓને સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી આશરે પાંચેક માસ અગાઉ બનેલો. બનાવ ના અરસામાં હુ તથા આજુબાજુના ગામના માણસો સાથે પીકઅપ ટેમ્પોમાં બેસી અનાવલ ખાતે મોક્ષ મહોસ્તવ સત્સંગમાં ગયેલા. જે કાર્યક્રમ તા.26/04/2025 ના રોજ પુરો થતા અમો તથા અમારા ગામના માણસો સાથે

ટેમ્પોમાં બેસી અમારા ગામ આવવા નીકળેલ અને અમારા ગામના ગમનભાઈ ભાવસીંગભાઈ ચૌધરીનાઓ એક મોટર સાયકલ જેનો નં. હાલ મને યાદ નથી તે મોટરસાયકલ ચાલક ઓળખીતા હોય તેઓ સાથે બેસી ઘરે આવવા નીકળેલ. ત્યારે બુહારી નજીક પહોચતા ફોન આવેલ કે ગમનભાઈ લોકોનું એક્સીડન્ટ થયેલ છે તેમ જણાવતા અમો એક્સીડન્ટ વાળી જગ્યાએ ગયેલ પણ ૧૦૮ એમ્બ્યુલન્સ આવી જતા વાલોડ સરકારી દવાખાને સારવાર માટે લઈ આવેલ જ્યા ગમનભાઈને ડોક્ટર સાહેબે મરણ જાહેર કરેલ. અને મોટર સાયકલ ચાલકની સારવાર ચાલુ હતી. જેમને એક્સીડન્ટ બાબતે પુછતા જણાવેલ કે ગમનભાઈ અને હુ અનાવલથી પરત આવતા તે દરમ્યાન ગમનભાઈ ને જોકુ આવી જતા મને પકડી લેતા મોટર સાયકલનું સ્ટેરીંગ કાબુમાં ન રહેતા ગરનાળા નીચે મોટર સાયકલ પડી જતા ગમનભાઈને ઈજા થયેલ. જે બનાવની ફરીયાદ થતા પોલીસે મારો જવાબ લીધેલ.

ત્યારબાદ બચાવપક્ષે ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં ફરીયાદી સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા સ્ટેટ હાઈવે હોય ઘણાબધા વાહનોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે, બનાવના સમયે હું નોકરી ઉપર હતો. એ વાત ખરી છે કે, બનાવ મે નજરે જોયેલ ન હોય બનાવ ચોકકસ કઈ રીતે અને કોની ભૂલના કારણે થયેલ તે હું કહી શકું નહી. એ વાત ખરી છે કે, અકસ્માત સમયે વાહન ચાલકને મેં જોયેલ નથી અને તેને હું ઓળખતો નથી. એ વાત ખરી છે કે, અકસ્માત કરનાર વાહનનો નંબર મને ખબર નથી. એ વાત ખરી છે કે, પોલીસે મને નામ સરનામુ પૂછેલ તે સિવાય અન્ય કોઈ હકીકત પૂછેલ નહી. એ વાત ખરી નથી કે સોગંદ પર ખોટી જુબાની આપુ છું.

(9) **ફરીયાદપક્ષે આંક–08** થી સાહેદ શૈલેષભાઈ ભગુભાઈનાઓને સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી આશરે પાંચેક માસ અગાઉ બનેલો. બનાવ ના અરસામાં હુ તથા આજુબાજુના ગામના માણસો સાથે પીકઅપ ટેમ્પોમાં બેસી અનાવલ ખાતે મોક્ષ મહોસ્તવ સત્સંગમાં ગયેલા. જે કાર્યક્રમ તા.26/04/2025 ના રોજ પુરો થતા અમો તથા અમારા ગામના માણસો સાથે ટેમ્પોમાં બેસી

અમારા ગામ આવવા નીકળેલ અને અમારા ગામના ગમનભાઈ ભાવસીંગભાઈ ચૌધરીનાઓ એક મોટર સાયકલ જેનો નં. હાલ મને યાદ નથી તે મોટરસાયકલ ચાલક ઓળખીતા હોય તેઓ સાથે બેસી ઘરે આવવા નીકળેલ. ત્યારે બુહારી નજીક પહોચતા સાથેના નિલેશભાઈ ને છનાભાઈનએ  ફોન કરી જણાવેલ કે ગમનભાઈ લોકોનું એક્સીડન્ટ થયેલ છે તેમ જણાવતા અમો એક્સીડન્ટ વાળી જગ્યાએ ગયેલ પણ ૧૦૮ એમ્બ્યુલન્સ આવી જતા વાલોડ સરકારી દવાખાને સારવાર માટે લઈ આવેલ જ્યા ગમનભાઈને ડોક્ટર સાહેબે મરણ જાહેર કરેલ. અને મોટર સાયકલ ચાલકની સારવાર ચાલુ હતી. જેમને એક્સીડન્ટ બાબતે પુછતા જણાવેલ કે ગમનભાઈ અને  હુ અનાવલથી પરત આવતા તે દરમ્યાન ગમનભાઈ ને જોકુ આવી જતા મને પકડી લેતા મોટર સાયકલનું સ્ટેરીંગ કાબુમાં ન રહેતા ગરનાળા નીચે મોટર સાયકલ પડી જતા ગમનભાઈને ઈજા થયેલ. જે બનાવની ફરીયાદ થતા પોલીસે મારો જવાબ લીધેલ.

ત્યારબાદ બચાવપક્ષે ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં ફરીયાદી સાહેદ જણાવે છે કે,એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા સ્ટેટ હાઈવે હોય ઘણાબધા વાહનોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે, બનાવના સમયે હું નોકરી ઉપર હતો. એ વાત ખરી છે કે, બનાવ મે નજરે જોયેલ ન હોય બનાવ ચોકકસ કઈ રીતે અને કોની ભૂલના કારણે થયેલ તે હું કહી શકું નહી. એ વાત ખરી છે કે, અકસ્માત સમયે વાહન ચાલકને મેં જોયેલ નથી અને તેને હું ઓળખતો નથી. એ વાત ખરી છે કે, અકસ્માત કરનાર વાહનનો નંબર મને ખબર નથી. એ વાત ખરી છે કે, પોલીસે મને નામ સરનામુ પૂછેલ તે સિવાય અન્ય કોઈ હકીકત પૂછેલ નહી. એ વાત ખરી નથી કે સોગંદ પર ખોટી જુબાની આપુ છું.

(10) **ફરીયાદપક્ષે આંક-૭ થી** સાહેદ ચંદુભાઈ ભીલાભાઈ નાઓને સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી આશરે પાંચેક માસ અગાઉ બનેલો. બનાવ ના અરસામાં હુ તથા આજુબાજુના ગામના માણસો સાથે પીકઅપ ટેમ્પોમાં બેસી અનાવલ ખાતે મોક્ષ મહોસ્તવ સત્સંગમાં ગયેલા. જે કાર્યક્રમ તા.26/04/2025 ના રોજ પુરો થતા અમો તથા અમારા ગામના માણસો સાથે ટેમ્પોમાં બેસી

અમારા ગામ આવવા નીકળેલ અને અમારા ગામના ગમનભાઈ ભાવસીંગભાઈ ચૌધરીનાઓ એક મોટર સાયકલ જેનો નં. હાલ મને યાદ નથી તે મોટરસાયકલ ચાલક ઓળખીતા હોય તેઓ સાથે બેસી ઘરે આવવા નીકળેલ. ત્યારે બુહારી નજીક પહોચતા છનાભાઈનાઓ પર ફોન આવેલ અને માસાભાઈ નાઓએ જણાવેલ અમારુ રાનવેરી ગામે એક્સીડન્ટ થયેલ છે તેમ જણાવતા અમો એક્સીડન્ટ વાળી જગ્યાએ ગયેલ પણ ૧૦૮ એમ્બ્યુલન્સ આવી જતા વાલોડ સરકારી દવાખાને સારવાર માટે લઈ આવેલ જ્યા ગમનભાઈને ડોક્ટર સાહેબે મરણ જાહેર કરેલ. અને મોટર સાયકલ ચાલકની સારવાર ચાલુ હતી. જેમને એક્સીડન્ટ બાબતે પુછતા જણાવેલ કે ગમનભાઈ અને  હુ અનાવલથી પરત આવતા તે દરમ્યાન ગમનભાઈ ને જોકુ આવી જતા મને પકડી લેતા મોટર સાયકલનું સ્ટેરીંગ કાબુમાં ન રહેતા ગરનાળા નીચે મોટર સાયકલ પડી જતા ગમનભાઈને ઈજા થયેલ. જે બનાવની ફરીયાદ થતા પોલીસે મારો જવાબ લીધેલ.

ત્યારબાદ બચાવપક્ષે ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં ફરીયાદી સાહેદ જણાવે છે કે,એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા સ્ટેટ હાઈવે હોય ઘણાબધા વાહનોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે, બનાવના સમયે હું નોકરી ઉપર હતો. એ વાત ખરી છે કે, બનાવ મે નજરે જોયેલ ન હોય બનાવ ચોકકસ કઈ રીતે અને કોની ભૂલના કારણે થયેલ તે હું કહી શકું નહી. એ વાત ખરી છે કે, અકસ્માત સમયે વાહન ચાલકને મેં જોયેલ નથી અને તેને હું ઓળખતો નથી. એ વાત ખરી છે કે, અકસ્માત કરનાર વાહનનો નંબર મને ખબર નથી. એ વાત ખરી છે કે, પોલીસે મને નામ સરનામુ પૂછેલ તે સિવાય અન્ય કોઈ હકીકત પૂછેલ નહી. એ વાત ખરી નથી કે સોગંદ પર ખોટી જુબાની આપુ છું.

**(11) ફરીયાદપક્ષે આંક-10 થી** સાહેદ છનાભાઈ નારણભાઈ ચૌધરીનાઓને સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી આશરે પાંચેક માસ અગાઉ બનેલો. બનાવ ના અરસામાં હુ તથા આજુબાજુના ગામના માણસો સાથે પીકઅપ ટેમ્પોમાં બેસી અનાવલ ખાતે મોક્ષ મહોસ્તવ સત્સંગમાં ગયેલા. જે કાર્યક્રમ તા.26/04/2025 ના રોજ પુરો થતા અમો તથા અમારા ગામના માણસો સાથે

ટેમ્પોમાં બેસી અમારા ગામ આવવા નીકળેલ અને અમારા ગામના ગમનભાઈ ભાવસીંગભાઈ ચૌધરીનાઓ એક મોટર સાયકલ જેનો નં. હાલ મને યાદ નથી તે મોટરસાયકલ ચાલક ઓળખીતા હોય તેઓ સાથે બેસી ઘરે આવવા નીકળેલ. ત્યારે બુહારી નજીક પહોચતા અમારી પર ફોન આવેલ અને માસાભાઈ નાઓએ જણાવેલ અમારુ રાનવેરી ગામે એક્સીડન્ટ થયેલ છે તેમ જણાવતા અમો એક્સીડન્ટ વાળી જગ્યાએ ગયેલ પણ ૧૦૮ એમ્બ્યુલન્સ આવી જતા વાલોડ સરકારી દવાખાને સારવાર માટે લઈ આવેલ જ્યા ગમનભાઈને ડોક્ટર સાહેબે મરણ જાહેર કરેલ. અને મોટર સાયકલ ચાલકની સારવાર ચાલુ હતી. જેમને એક્સીડન્ટ બાબતે પુછતા જણાવેલ કે ગમનભાઈ અને  હુ અનાવલથી પરત આવતા તે દરમ્યાન ગમનભાઈ ને જોકુ આવી જતા મને પકડી લેતા મોટર સાયકલનું સ્ટેરીંગ કાબુમાં ન રહેતા ગરનાળા નીચે મોટર સાયકલ પડી જતા ગમનભાઈને ઈજા થયેલ. જે બનાવની ફરીયાદ થતા પોલીસે મારો જવાબ લીધેલ.

ત્યારબાદ બચાવપક્ષે ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં ફરીયાદી સાહેદ જણાવે છે કે,એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા સ્ટેટ હાઈવે હોય ઘણાબધા વાહનોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે, બનાવના સમયે હું નોકરી ઉપર હતો. એ વાત ખરી છે કે, બનાવ મે નજરે જોયેલ ન હોય બનાવ ચોકકસ કઈ રીતે અને કોની ભૂલના કારણે થયેલ તે હું કહી શકું નહી. એ વાત ખરી છે કે, અકસ્માત સમયે વાહન ચાલકને મેં જોયેલ નથી અને તેને હું ઓળખતો નથી. એ વાત ખરી છે કે, અકસ્માત કરનાર વાહનનો નંબર મને ખબર નથી. એ વાત ખરી છે કે, પોલીસે મને નામ સરનામુ પૂછેલ તે સિવાય અન્ય કોઈ હકીકત પૂછેલ નહી. એ વાત ખરી નથી કે સોગંદ પર ખોટી જુબાની આપુ છું.

**( 12 ) ફરીયાદપક્ષે આંક–11 થી** સાહેદ નિલેશભાઈ વિરસીંગભાઈ ચૌધરીનાઓને સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી આશરે પાંચેક માસ અગાઉ બનેલો. બનાવ ના અરસામાં હુ તથા આજુબાજુના ગામના માણસો સાથે પીકઅપ ટેમ્પોમાં બેસી અનાવલ ખાતે મોક્ષ મહોસ્તવ સત્સંગમાં

ગયેલા. જે કાર્યક્રમ તા.26/04/2025 ના રોજ પુરો થતા અમો તથા અમારા ગામના માણસો સાથે ટેમ્પોમાં બેસી અમારા ગામ આવવા નીકળેલ અને અમારા ગામના ગમનભાઈ ભાવસીંગભાઈ ચૌધરીનાઓ એક મોટર સાયકલ જેનો નં. હાલ મને યાદ નથી તે મોટરસાયકલ ચાલક ઓળખીતા હોય તેઓ સાથે બેસી ઘરે આવવા નીકળેલ. ત્યારે બુહારી નજીક પહોચતા અમારી સાથેના છનાભાઈનાઓએ મને ફોન કરી જણાવેલ કે રાનવેરી ગામે ગમનભાઈ નાઓનુ એક્સીડન્ટ થયેલ છે તેમ જણાવતા અમો એક્સીડન્ટ વાળી જગ્યાએ ગયેલ પણ ૧૦૮ એમ્બ્યુલન્સ આવી જતા વાલોડ સરકારી દવાખાને સારવાર માટે લઈ આવેલ જ્યા ગમનભાઈ ડોક્ટર સાહેબે મરણ જાહેર કરેલ. અને મોટર સાયકલની સારવાર ચાલુ હતી. જેમને એક્સીડન્ટ બાબતે પુછતા જણાવેલ કે મારા પિતાજી અને માસાભાઈ બુધીયાભાઈ નાઓ સાથે અનાવલથી પરત આવતા તે દરમ્યાન મારી મોટર સાયકલની પાછળ ગમનભાઈ નાઓ બેસેલ હતા તે દરમ્યાન ગમનભાઈ ને જોકુ આવી જતા મને પકડી લેતા મોટર સાયકલનું સ્ટેરીંગ કાબુમાં ન રહેતા ગરનાળા નીચે મોટર સાયકલ પડી જતા ગમનભાઈને ઈજા થયેલ. જે બનાવની ફરીયાદ થતા પોલીસે મારો જવાબ લીધેલ.

ત્યારબાદ બચાવપક્ષે ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં ફરીયાદી સાહેદ જણાવે છે કે,એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા સ્ટેટ હાઈવે હોય ઘણાબધા વાહનોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે, બનાવના સમયે હું નોકરી ઉપર હતો. એ વાત ખરી છે કે, બનાવ મે નજરે જોયેલ ન હોય બનાવ ચોકકસ કઈ રીતે અને કોની ભૂલના કારણે થયેલ તે હું કહી શકું નહી. એ વાત ખરી છે કે, અકસ્માત સમયે વાહન ચાલકને મેં જોયેલ નથી અને તેને હું ઓળખતો નથી. એ વાત ખરી છે કે, અકસ્માત કરનાર વાહનનો નંબર મને ખબર નથી. એ વાત ખરી છે કે, પોલીસે મને નામ સરનામુ પૂછેલ તે સિવાય અન્ય કોઈ હકીકત પૂછેલ નહી. એ વાત ખરી નથી કે સોગંદ પર ખોટી જુબાની આપુ છું.

**(13)ફરીયાદપક્ષે આંક-20 થી** ત.ક.અ. સરજીતભાઈ બચુભાઈનાઓને સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હું

તા.૨૬/૪/૨૫ ના રોજ વાલોડ પો.સ્ટે.માં ફરજ પર હાજર હતો તે દરમીયાન પો.સ્ટે. અમલદાર વિલેશભાઈ વેચીચાભાઈનાઓએ વાલોડ પો.સ્ટે.પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૮૨૪૦૦૨૨૫૦૫૦૦/૨૫ , બી.એન.એસ.ની કલમ–૨૮૧,૧૨૫(એ),૧૨૫(બી),૧૦૬(૧) તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪ નો ગુનો રજી. કરી આગળની તપાસ અમારા તરફ મોકલી આપતા અમોએ તપાસ સંભાળી લીધેલ અને તપાસમાં મળેલ ફરીયાદ વંચાણે લઈ ગુનાવાળી જગ્યાનું બે પંચોની હાજરીમાં પંચનામું કરી લઈ , લાગતા વળગતા સાહેદોના નિવેદનો અમારા રૂબરૂના લખી લઈ મરણ જનાર ગમનભાઈ ભાવસીંગભાઈ ચૌધરીનાઓ સારવાર દરમીયાન મરણ ગયેલ જેથી સદર ગુનાના કામે પી.એમ.નોટ મેળવી તપાસના કામે સામેલ રાખેલ અને તેમની લાશ ઉપર બે પંચોની રૂબરૂમાં ઈન્કવેસ્ટ પંચનામું કરેલ તે પંચનામું તપાસના કામે સામેલ રાખેલ બાદ ગુનાવાળી જગ્યાનો એફ.એસ.એલ.રીપોર્ટ મેળવેલ બાદ ગુનામાં સંડોવાયેલ વાહન નં.જીજે–૦૫–એસએલ–૯૫૫૪ નો આર.ટી.ઓ.રીપોર્ટ મેળવી આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા જણાય આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ.આરોપીને જોયેથી ઓળખું છુ.જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી.આમ, તપાસ કરનાર અમલદારે પોતાની તપાસને સમર્થનકારી જુબાની આપેલ છે. સદરહુ સાહેદની કૉર્ટ પરવાનગી બાદ એ.પી.પી શ્રી દ્વારા ઉલટતપાસ કરવામા આવેલી જેમા પણ સદર ફરીયાદને સમર્થનકારી પુરાવા આપતા નથી.

ત્યારબાદ બચાવપક્ષે ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં ફરીયાદી સાહેદ જણાવે છે કે,એ વાત ખરી છે કે, બનાવવાળો રોડ સ્ટેટ હાઈ વે છે અને આ રોડ પર વાહનોની સતત અવર જવર રહે છે. એ વાત ખરી છે કે, ચાલુ વાહને પાછળ બેસનાર વ્યકિત જો કોઈ એક બાજુ ઢળી પડે તો વાહન ચલાવનારનું બેલેન્સ ના રહે. એ વાત ખરી છે કે, મારી તપાસમાં બનાવ નજરે જોનાર કોઈ સાહેદ મળી આવેલ નથી. એ વાત ખરી છે કે, મારી તપાસમાં બનાવ નજરે જોનાર કોઈ સાહેદ મળી આવેલ નથી. એ વાત ખરી છે કે, બનાવવાળા સ્થળની આજુબાજુએથી કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે, પંચોની તૈયાર પંચનામામાં સહી કરાવેલ. એ વાત ખરી નથી કે, સાહેદોના નિવેદન ફરીયાદને અનુસાર

જાતે લખી લીધેલ. એ વાત ખરી નથી કે, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ ફાઈલ કરી ખોટી જુબાની આપું છું.

**(14) સદર કામે પુરાવાનું મૂલ્યાંકન કરીએ તે પહેલાં રેકોર્ડ ઉપરની હકીકત જોઈએ તો આરોપી ની ઓળખ અંગે નું કોઈ પંચનામુ કરવામાં આવેલ નથી.આમ, રેકર્ડ ઉપરની હકીકત જોયા બાદ હવે ફરીયાદ પક્ષે રજુ થયેલા સાહેદોના પુરાવા જોઈએ તો, ફરીયાદ પક્ષે આંક–05 થી ફરીયાદી નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.ફરીયાદ પક્ષ નો પુરાવો ધ્યાને લઈ મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદ પક્ષે તપાસેલા ફરીયાદી મહત્વના સાહેદ છે જેથી તેનુ મુલ્યાંકન કરીએ તો ફરીયાદી બનાવ નજરે જોનાર સાહેદ નથી હીયર્સે વીટનેસ સાહેદ છે.સાહેદનો પુરાવો જોતા બનાવના દિવસે સદર કામના ગુજરી જનાર ને એક્સિડન્ટ થયેલ છે તેવી વાત જાણવા મળતા તેઓ પોતાની નોકરીના સ્થળેથી એકલા આવવા નીકળેલ અને ઘરે પહોચતા જાણવા મળેલ કે મરણ જનારને વાલોડ સરકારી દવાખાને સારવાર માટે લાવેલ છે. તેવી જાણ થતા તેઓ વાલોડ સરકારી દવાખાને આવેલ અને મરણનારને જોતાં મરણજનારને મોઢાના ભાગે અને છાતીના ભાગે ઈજા થયેલ હતી. અને મરણજનાર હોસ્પીટલમાં સ્ટ્રેચર પર પડેલ હતા. આમ,અકસ્માત થયેલ હોવાથી અકસ્માતમાં થયેલી ઈજાઓના કારણે સદર કામના ગુજરી જનાર સાહેદનુ ઈજાઓના કારણે મોત નીપજેલ હોવાની હકીકતોને સાહેદના પુરાવાથી સમર્થન મળી આવે છે.વધુમાં રજુ થયેલ ઈન્કવેસ્ટ પંચનામુ તથા ગુજરનારની પી.એમ.નોટ જોતા પણ સદર હકીકત ને સમર્થન મળી આવે છે.પરંતુ હાલનો ગુન્હો અકસ્માતનો ગુન્હો છે અને અકસ્માત ગુન્હા સબબના આવશ્યક તત્વો જોતા અકસ્માત કરનાર વાહનનો નંબર, તેના ચાલક ની ઓળખ, તેની અકસ્માત સમયે વાહન હંકારવા સબબ ની બેદરકારી કે નિષ્કાળજી ની હકીકતો પુરાવાથી પુરવાર થવી જરૂરી છે પરંતુ ફરીયાદી સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ નથી, હીયર્સે વીટનેસ છે, સાહેદે અકસ્માત કરનાર વાહન નો કોઈ નંબર જણાવેલ નથી કે, અકસ્માત સમયે**

હાલનો આરોપી જ સદર અકસ્માત કરનાર વાહન ચાલક હતો તેવી આરોપીની કોઈ નિ:શંક ઓળખ પણ સાહેદના પુરાવાથી પુરવાર થતી નથી.જેથી સદર કામે કોઈ પણ સાહેદ દ્ધારા અકસ્માત સમયે અકસ્માતમા સંડોવાયેલ વાહનનો ચાલક હાલનો આરોપી હતો અને આરોપી તેના કબજાનુ વાહન પુરઝડપે અને માનવ જીંદગી જોખમમાં મુકાય તે રીતે હંકારતા તેના તેવા બેદરકારી ભર્યા ડ્રાયવીંગના કારણે જ ગુજરી જનાર ને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે મોત નીપજાવેલ હોવાની હકીકત સાહેદના પુરાવાથી પ્રસ્થાપિત થતી નથી તેમજ રેકર્ડ ઉપર આરોપીની ઓળખ પરેડનુ કોઈ પંચનામુ નથી ત્યારે પણ સાહેદના પુરાવાથી બનાવ સમયે હાલના આરોપીએ તેના કબજાનુ વાહન બેફામપણે પુરઝડપે હંકારતો હોવાની હકીકત પ્રસ્થાપિત થતી નથી.ત્યારે અકસ્માત સમયે હાલનાં આરોપી જ અકસ્માતમાં સંડોવાયેલ વાહન ચલાવતા હતા અને આરોપીની બેદરકારીભરી રીતે પોતાના કબજાનુ વાહન હંકારવાના કારણે જ હાલનો અકસ્માત બનવા પામેલ હોય તેવી કોઈ હકીક્ત ફરિયાદ પક્ષ આ સાહેદોની જુબાની દ્ધારા રેકર્ડ પર આવી શકેલ નથી.આમ ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ઘ્યાને લેતા આરોપીને ગુનાના કામે સાંકળી શકાય તેવો કોઈ પુરાવો આરોપી વિરુઘ્ઘ રેકર્ડ પર આવી શકેલ નથી.

(15) વધુમાં મો.વ્હી.એકટની કલમ–184 મુજબનો આરોપી સામે આક્ષેપ છે, જે અંગે મોટર વ્હીકલ એકટ ની કલમ–209 ઘ્યાને લેવામાં આવે તો જ્યાં સુધી કલમ–209 ની આદેશાત્મક જોગવાઈ નું પાલન કરવામાં ન આવે તથા સુધી કલમ–184 મુજબનાં પગલા લઈ શકાય નહી, હાલના કેસમાં ફરિયાદ પણ એમ.વી.એક્ટની કલમ 209 ની આદેશાત્મક જોગવાઈનું પાલન કરવામાં આવે હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી, જેથી કલમ–184 મુજબના કોઈ પગલાં લઈ શકાય નહી.

(16) આમ, ફરીયાદ પક્ષ રજૂ થયેલ સમય મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ઘ્યાને લેતા

બનાવ તારીખે, બનાવ સમય અને બનાવ સ્થળે આ કામના આરોપી માસાભાઈ બુધીયાભાઈ ચૌધરી, રહે.ગોડધા, તા.માંડવી, જી.સુરતનાઓ સાથે સ્પલેન્ડર મોટર સાઈકલ નં.જીજે–૦૫–એચએલ–૯૫૫૪ ઉપર બેસીને અનાવલથી ઘંટોલી ગામે આવતાં હતા. દરમ્યાન બુહારી વાલોડ રોડ ઉપર આવેલ રાનવેરી ગામે સડક ફળિયા અગાસીમાતાના મંદિર પાસે હાઈવે રોડ પરથી પસાર થતાં હતાં ત્યારે પાછળ બેસેલ મરણજનાર ગમનભાઈને ઝોકું જેવું આવતાં તેઓએ મોટર સાઈકલ ચાલક આરોપી માસાભાઈને પકડી લેતાં આરોપી માસાભાઈએ પોતાના કબજાની મોટર સાઈકલ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતાં સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી મોટર સાઈકલ સાથે ગરનાળા નીચે પડી જતાં આરોપી માસાભાઈને માથાના તથા કપાળના ભાગે તથા પગના ભાગે ઈજાઓ પહોંચાડી તથા મરણજનાર ગમનભાઈ ભાવસિંગભાઈ ચૌધરીને છાતીના તથા મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી સ્થળ પર મોત નિપજાવી બી.એન.એસ.ની કલમ 281,125(**A**), 125(**B**),106(1) તથા એમ. વી. એક્ટ ની કલમ 177,184 મુજબ નો ગુનો આચરેલ હોવાનું પુરવાર કરી શકેલ નથી.

(17) ફરીયાદ પક્ષે બાકી રહેતા દસ્તાવેજી પુરાવા પૈકી આંક–12 થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ રજુ થયેલ છે પરંતુ પંચનામા સબંધે કોઈ પંચ સાહેદોને ફરીયાદ પક્ષે તપાસેલા નથી અને પંચનામુ પુરવાર કરેલ નથી છતા પંચનામુ જોતા આરોપીને હાલના ગુન્હા સાથે સાંકળી શકાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી. આંક–15 થી ગુજરનારની પી.એમ.રીપોર્ટ રજુ થયેલી છે તે જોતા મરણ જનાર સાહેદનુ મોત નીપજેલ હોવાની હકીકતો જણાઈ આવે છે પરંતુ આવી ઈજાઓ આ કામના આરોપીએ સ્પલેન્ડર મોટર સાઈકલ નં.જીજે–૦૫–એચએલ–૯૫૫૪ ઉપર બેસીને અનાવલથી ઘંટોલી ગામે આવતાં હતા. દરમ્યાન બુહારી વાલોડ રોડ ઉપર આવેલ રાનવેરી ગામે સડક ફળિયા અગાસીમાતાના મંદિર પાસે હાઈવે રોડ પરથી પસાર થતાં હતાં ત્યારે પાછળ બેસેલ મરણજનાર ગમનભાઈને ઝોકું જેવું આવતાં તેઓએ મોટર સાઈકલ ચાલક આરોપી

માસાભાઈને પકડી લેતાં આરોપી માસાભાઈએ પોતાના કબજાની મોટર સાઈકલ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતાં સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી મોટર સાઈકલ સાથે ગરનાળા નીચે પડી જતાં આરોપી માસાભાઈને માથાના તથા કપાળના ભાગે તથા પગના ભાગે ઈજાઓ પહોંચાડી તથા મરણજનાર ગમનભાઈ ભાવસિંગભાઈ ચૌધરીને છાતીના તથા મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી સ્થળ પર મોત નિપજાવી ગુનો આચરેલ હોય તેવી હકીકતને સાહેદ દ્વારા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સમર્થન આપેલ નથી. આમ, ફરીયાદ પસે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવો પણ આરોપી વિરુધ્ધનાં ગુનાને પુરવાર કરવામાં મદદરૂપ નીવડી શકેલ નથી.

(18) આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા બનાવ સમયે,બનાવ તારીખે અને બનાવ સ્થળે સદર આરોપીએ પોતાના કબજાની સ્પલેન્ડર મોટર સાઈકલ નં.જીજે–૦૫–એચએલ–૯૫૫૪ ઉપર બેસીને અનાવલથી ઘંટોલી ગામે આવતાં હતા. દરમ્યાન બુહારી વાલોડ રોડ ઉપર આવેલ રાનવેરી ગામે સડક ફળિયા અગાસીમાતાના મંદિર પાસે હાઈવે રોડ પરથી પસાર થતાં હતાં ત્યારે પાછળ બેસેલ મરણજનાર ગમનભાઈને ઝોકું જેવું આવતાં તેઓએ મોટર સાઈકલ ચાલક આરોપી માસાભાઈને પકડી લેતાં આરોપી માસાભાઈએ પોતાના કબજાની મોટર સાઈકલ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતાં સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી મોટર સાઈકલ સાથે ગરનાળા નીચે પડી જતાં આરોપી માસાભાઈને માથાના તથા કપાળના ભાગે તથા પગના ભાગે ઈજાઓ પહોંચાડી તથા મરણજનાર ગમનભાઈ ભાવસિંગભાઈ ચૌધરીને છાતીના તથા મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી સ્થળ પર મોત નિપજાવી ગુનો આચરેલો હોય તેવી હકીકત શંકાથી પર રહી પુરવાર થઈ શકેલ ન હોઈ આરોપીને તેઓની વિરુધ્ધના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ ના હોઈ મુદ્દા નં.1 નો જવાબ '' નકારાત્મક'' આપી મુદ્દા નં.2 માટે નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**- <u>આખરી હુકમ</u> -**

1.આ કામના આરોપી માસાભાઈ બુધીયાભાઈ ચૌધરી, રહે.ગોડધા, ગામ, નીચલુ ફળિયું, તા.માંડવી, જી.સુર નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ– 271 અન્વયે તેમની સામેના બી.એન.એસ.ની કલમ 281,125 (A),125(B),106(1) તથા એમ. વી. એક્ટ ની કલમ 177,184 મુજબ ના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

2.આરોપીઓએ ફોજદારી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ – 481 અન્વયે, જે તે અદાલત સમક્ષ આ હુકમની સામે અપીલ કે રીવીઝનના કામે છ માસ સુધીના રુ. 15000/– (અંકે રુપીયા પંદર હજાર પુરા) ના જાતમુચરકા તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા નો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.07 માહે એપ્રિલ,સને 2026 ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી/ સિક્કો કરીને જાહેર કર્યો.

**તારીખ:07/04/2026** **(બી.એસ.પરમાર)**

**વાલોડ** **જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**

**જજ કોડ:GJ01736**